# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,નવસારી

મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન,૧લો માળ,કાલીયાવાડી,નવસારી

ફો.ન.૦૨૬૩૭–૨૪૮૦૯૯, ફેક્સ– ૨૮૧૫૪૦, ઈમેઈલ– collector-nav@gujarat.gov.in


**નં.ડીસીબી/એમએજી/Covid-19/Unlock-1/CrPC-૧૪૪/જા.નામુ/વશી.૮૦૭૮ થી ૮૧૧૭/૨૦૨૦ તા.૩૧/૦૫/૨૦૨૦**

**" ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ હેઠળ જાહેરનામુ " ::–**

<u>વંચાણે લીધાં:–</u>

૧.ધ ગુજરાત એપિડેમીક ડીસીઝ COVID-19 રેગ્યુલેશન્સ,૨૦૨૦– આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંકઃજીપી–૯/એનસીવી/૧૦૨૦૨૦/એસ. એફ. એસ.૧–ગ તા.૧૩/૦૩/૨૦૨૦

૨. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીજી /૨૭ / ૨૦૨૦ / વિ–૧ / કઅવ /૧૦૨૦૨૦ /૪૮૨ તા.૧૮/૦૫/૨૦૨૦

૩.અત્રેની કચેરીના જાહેરનામા નં.ડીસીબી/ લોકડાઉન / CrPC–૧૪૪ /જા.નામુ /વશી.૭૩૨૦ થી ૭૩૬૦/૨૦૨૦ તા.૧૮/૦૫/૨૦૨૦

૪. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ વિ–૧/ કઅવ/૧૦૨૦૨૦/૪૮૨/ તા.૧૯/૦૫/૨૦૨૦

૫.અત્રેની કચેરીના સુધારા જાહેરનામા નં.ડીસીબી/ લોકડાઉન / CrPC–૧૪૪ /જા.નામુ /વશી.૭૩૯૯ થી ૭૪૩૮/૨૦૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦

૬.ઉપ સચિવશ્રી (કા×વ્ય) ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૨૦/૦૫/૨૦૨૦ના ઈ–મેઈલ પત્ર

૭. અત્રેની કચેરીના સુધારા જાહેરનામા નં.ડીસીબી/ લોકડાઉન / CrPC–૧૪૪ /સુધારા. જા.નામુ /વશી.૭૫૫૯ થી ૭૫૯૮/૨૦૨૦ તા.૨૧/૦૫/૨૦૨૦

**૮. ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ No.40-3/2020-DM-I(A)Date-30/05/2020 તથા તે હેઠળની ગાઈડલાઈન્સ**

**૯.ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીજી / ૨૮ / ૨૦૨૦ / વિ–૧ / કઅવ / ૧૦૨૦૨૦ / ૪૮૨ / તા.૩૦/૦૫/૨૦૨૦**

## –: જાહેરનામું :–

નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. ભારતમાં તથા ગુજરાતમાં પ્રતિદિન આ વાયરસના કેસો વધતા જાય છે. જે પરિસ્થિતીને ઘ્યાને લેતા ધ એપિડેમીક ડીસીઝ એકટ–૧૮૯૭ હેઠળ વંચાણે લીધેલ આમુખ–૧ મુજબ ધ ગુજરાત એપિડેમીક ડીસીઝ COVID-19 રેગ્યુલેશન્સ,૨૦૨૦ તા.૧૩/૦૩/૨૦૨૦થી બહાર પાડવામાં આવેલ છે. ભારત સરકારશ્રી ધ્વારા સમગ્ર દેશમાં તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ હતુ. જે અન્વયે અત્રેની કચેરી ધ્વારા ઉકત વંચાણે લીધેલ ક્રમ નં.૩,૫ અને ૭થી ભારત સરકારશ્રીના તથા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના વખતો–વખતના જાહેરનામા તેમજ ગાઈડલાઈન્સ મુજબ જાહેરનામાં બહાર પાડવામાં આવેલ હતા.

હાલે સમગ્ર દેશમાં COVID-19 ની અસરો ઘ્યાને લેતાં ઉકત વંચાણે લીધેલ ક્રમ નં.૮ પરના કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમથી કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે તથા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં પ્રતિબંધિત પ્રવૃત્તિઓ સદરહું હુકમ સાથેની Guidelines for Phased Re-opening (Unlock-1) ના ચૂસ્તપણે પાલન કરવાની શરતે તબકકાવાર ખોલવાનો હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉકત વંચાણે લીધેલ ક્રમ નં.૯ પરના ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં મુજબ સમગ્ર રાજયમાં જાહેર કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા.૦૧/૦૬/૨૦૨૦ ના ૦૦:૦૦ કલાક થી તા.૩૦/૦૬/૨૦૨૦ના ૨૪:૦૦ કલાક સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે. તથા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં પ્રતિબંધિત પ્રવૃત્તિઓ તબકકાવાર ખોલવાનો નિર્ણય લેવામાં આવેલ છે.



Scanned with CamScanner

સબબ, અત્રેના જિલ્લામાં ઉકત બાબતે કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં નીચે જણાવેલ પ્રવૃત્તિઓ તબકકાવાર ચાલુ/બંધ રાખવા જાહેર હિતમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

**તેથી હું, કે. જે. રાઠોડ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો ફોજદારી કાર્યરીતી અધિનિયમ –૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી,**

(૧) કરફયુનો સમય રાત્રે **૦૯:૦૦ વાગ્યાથી સવારના ૦૫:૦૦ વાગ્યા** (૮ કલાકનો રહેશે.)

(૨) કન્ટેઈનમેન્ટ / માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં **સવારના ૦૭:૦૦ વાગ્યા થી સાંજના ૦૭:૦૦ સુધી** ફકત આવશ્યક સેવાઓ જ ચાલુ રાખી શકાશે.

(૩) **કન્ટેઈનમેન્ટ / માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનની બહાર નીચેના કોષ્ટકમાં પ્રતિબંધિત ન હોય તેવી તમામ આર્થિક પ્રવૃતિઓને શહેરી વિસ્તારમાં સવારના ૦૮:૦૦ વાગ્યા થી સાંજના ૦૭:૦૦ વાગ્યા સુધી તથા શહેરી વિસ્તારની બહારના વિસ્તારોમાં સવારના ૦૮:૦૦ વાગ્યા થી સાંજના ૦૮:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે.**

(૪) સતત પ્રક્રિયાની જરૂર હોય તેવા ઉધોગોને સમયના કોઈપણ બાધ વગર ચાલુ રાખી શકાશે.

(૫) આવશ્યક સેવાઓ સિવાય કામદારો / કર્મચારીઓ / દુકાનદારો કે જેમના ઘર/મકાન કન્ટેઈનમેન્ટ / માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવેલા હોય તેઓ કન્ટેઈનમેન્ટ / માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાંથી બહાર જઈ શકશે નહી.

(૬) એસ.ટી.બસોની આવન–જાવન ચાલુ રાખી શકાશે.

(૭) સ્પોર્ટસ કોમ્પલેક્ષ તથા સ્ટેડીયમ (રમતગમતના મેદાનો) ને ખોલી શકાશે તથા જીવંત પ્રસારણ કરી શકાશે પરંતુ પ્રેક્ષકો અને વધુ ભીડ એકઠી કરી શકાશે નહી.

(૮) સબંધિત નગરપાલિકા ધ્વારા વિસ્તારો નકકી કરી શેરી બજાર / અઠવાડીક બજાર ખૂલ્લા રાખવા અંગેનું વિગતવાર આયોજન કરવાનું રહેશે અને ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયતે શેરી બજાર / અઠવાડીક બજાર ખોલવા માટે આયોજન કરવાનુ રહેશે તથા તેનુ ચૂસ્તપણે પાલન થાય તે રીતે ૮ જુન ૨૦૨૦ પછી શેરી બજાર / અઠવાડીક બજાર ખૂલ્લા રાખી શકાશે.

(૯) કોઈપણ જાતના પ્રતિબંધ વગર માલ સમાનનું પરીવહનને રાજયની અંદર/બહાર ચાલુ રાખી શકાશે.

(૧૦) **આવશ્યક અને તબીબી કારણો સિવાય ૬૫ વર્ષથી ઉપરની વ્યકિતઓ, સગર્ભા સ્ત્રીઓ, સહ–રોગો વાળી વ્યકિતઓ, ૧૦ વર્ષથી નીચેના બાળકોને ઘરે રહેવા અંગે અપીલ કરવામાં આવે છે.**

(૧૧) **આવશ્યક કારણોસર જે વ્યકિત ઘરની બહાર જાહેર રસ્તા ઉપર કે જાહેર જગ્યાએ નીકળે તેમણે તથા ધંધા/કામકાજના સ્થળે મોં ઉપર (મોઢુ તથા નાક ઢંકાય તે રીતે) માસ્ક (કોઈપણ પ્રકારનું કપડુ) બાંધવું ફરજીયાત રહેશે. તેનો ભંગ કરનાર પાસેથી રૂ.૨૦૦/– દંડ વસુલવામાં આવશે. જાહેર રસ્તાઓ ઉપર કોઈ વ્યકિત થુંકીને કે અન્ય રીતે ગંદકી કરશે અથવા ગંદકી ફેલાવશે તો તેમની પાસેથી રૂ.૨૦૦/– દંડવસુલવામાં આવશે તથા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ સદરહું દંડ જે તે સ્થાનિક સ્વરાજયની સંસ્થાએ વસુલ કરવાનો રહેશે.**

(૧૨) કેન્દ્રીય ગૃહ મંત્રાલય / રાજય ગૃહ મંત્રાલય ધ્વારા વખતોવખતના હુકમથી આપવામાં આવેલ / આપવામાં આવનાર આદેશો તથા માર્ગદર્શક સૂચનાઓ આખરી રહેશે અને તેનો તમામે ચૂસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

(૧૩) આ સાથેના **એનેક્ષર–૧**માં દર્શાવેલ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના **Covid-19** અંગેના રાષ્ટ્રીય નિર્દેશોનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) સમગ્ર નવસારી જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સામાજિક/રાજકીય/સ્પોર્ટસ/શૈક્ષણિક/સાંસ્કૃતિક/ધાર્મિક કાર્યક્રમો તથા સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રીત થાય તેવા કોઈ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી તથા તમામ ધાર્મિક વરઘોડા ઉપર સખત મનાઈ છે.

(૧૫) **સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાની જવાબદારી** જે તે દુધ–ફ્રુટ–શાકભાજી વિક્રેતા/ કરીયાણા/દુકાન/દવાઓ/ હોસ્પીટલ્સ/ બેંક/પોસ્ટ ઓફિસ/સહકારી મંડળી/ એ.પી.એમ.સી./ સંસ્થા/કંપની/ઔધોગિક એકમ/ઉત્પાદક/ વિક્રેતા/વાહન માલિક/ મેનેજર/ પેઢીના જવાબદાર વ્યકિત વિગેરેની રહેશે. જો ઉકત જગ્યાઓ ઉપર સોશ્યલ ડીસ્ટન્સનું પાલન નહી થાય તો જવાબદાર સામે કાર્યદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



Scanned with CamScanner

(૧૬) "આરોગ્ય સેતુ એપ " ધંધા/દુકાનદારે પોતે તેમજ તમામ કર્મચારીઓ પાસે ડાઉનલોડ કરાવવાની રહેશે. ધંધાના માલિકની જવાબદારી રહેશે કે ૧૦૦% કર્મચારીઓ આ એપ ડાઉનલોડ કરે.

**(૧૭) કરફયુનાં સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીઓને તેમનાં સક્ષમ અધિકારીશ્રી ધ્વારા ઓળખકાર્ડ / પાસ આપવામાં આવેલ હશે તે માન્ય ગણાશે.**

(૧૮) ધંધાના / કામકાજના તમામ સ્થળોએ ફેસ માસ્કનો પુરતો જથ્થો ઉપલબ્ધ રાખવાનો રહેશે. અને તમામ વ્યકિતઓએ ફેસ માસ્ક પહેરવાના રહેશે.

(૧૯) મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી ડીસ્ટન્સના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૦) સોશીયલ ડીસ્ટન્સના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા માટે બે શીફટ વચ્ચે અને લંચ બ્રેક વચ્ચે સમયનું અંતર રાખવાનું રહેશે.

(૨૧) એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ અને કોમન એરિયામાં થર્મલ સ્કેનીગની જોગવાઈ, હેન્ડવોશ અને સેનીટાઈઝરની વ્યવસ્થા રાખવાની રહેશે. તેમજ પુરતો જથ્થો પણ ઉપલબ્ધ રાખવાનો રહેશે.

(૨૨) બે શીફટની વચ્ચે ધંધાના સ્થળને સંપૂર્ણ સેનેટાઈઝ કરવાનું રહેશે. ખાસ કરીને કોમન ફેસીલીટી , ડોર હેન્ડલ વિગેરે માનવીનાં સ્પર્શમાં આવતી વસ્તુઓ ખાસ સેનીટાઈઝ કરવાની રહેશે.

**કોષ્ટક**

| **ક્રમ** | **પ્રવૃતિ** | **કન્ટેઈનમેન્ટ ઝોન / વિસ્તારોની બહાર નીચે મુજબની પ્રવૃતિઓ ચાલુ / બંધ રાખવા અંગેની વિગત** |
|---|---|---|
| ૧. | તમામ શૈક્ષણિક, તાલીમી, સંશોધન, કોચિંગ સંસ્થાઓ | **ના** (ફકત વહીવટી ઓફિસો ચાલુ રાખી શકાશે. |
| ૨. | જીમ | **ના** |
| ૩. | હોટલ , કલબ | **હા:**– ( ૮ જુન ૨૦૨૦થી માર્ગદર્શિકા (SOP) મુજબ) |
| ૪. | રેસ્ટોરન્ટસ, ભોજનાલય | **હા:**–(૮ જુન ૨૦૨૦થી માર્ગદર્શિકા (SOP) મુજબ સોશ્યલ ડીસ્ટન્સીગ જાળવીને ડાઈનીગ સુવિધા આપી શકાશે. |
| ૫. | મોલ તથા મોલમાં આવેલ દુકાનો | **હા:**– (સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવીને ૮ જુન ૨૦૨૦થી માર્ગદર્શિકા (SOP) મુજબ) |
| ૬. | રીટેઈલ દુકાનો | **હા** |
| ૭. | સિંગલ સ્ક્રીન, મલ્ટી સ્ક્રીન, સિનેમા હોલ / મલ્ટીપ્લેક્ષ | **ના** |
| ૮. | ઉધોગો | ૧૦૦% કેપેસીટી સાથે સોશ્યલ ડીસ્ટન્સ જાળવીને શરૂ રાખી શકાશે. |
| ૯. | તમામ ધાર્મિક સ્થળો | **હા** :– ૮ જુન ૨૦૨૦થી માર્ગદર્શિકા (SOP) મુજબ સોશ્યલ ડીસ્ટન્સ જાળવીને પરંતુ , કોઈપણ કાર્યક્રમો / મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ શકાશે નહી. |
| ૧૦. | અંતિમ વિધિ / સ્મશાનયાત્રામાં ફકત ૨૦ લોકો તથા લગ્નોમાં ફકત ૫૦ લોકો | **હા** |
| ૧૧. | મોટી સંખ્યામાં ભીડ એકઠી થાય તેવા કોઈપણ કાર્યક્રમ / ફંકશન | **ના** |
| ૧૨. | સાંસ્કૃતિક / થીએટર પોગ્રામ | **ના** |
| ૧૩. | શેરી ફેરીયાઓ | **હા:**– ૮ જુન ૨૦૨૦થી નગરપાલિકા ધ્વારા અધિકૃત કરેલ વિસ્તારોમાં |
| ૧૪. | ચા/કોફી સ્ટોલ્સ | **હા** |
| ૧૫. | પાનની દુકાનો | **હા:**– ફકત પાર્સલ/ઘરે લઈ જઈને ઉપયોગ કરવા માટે જ |
| ૧૬. | હેરકટ / સલુન / બ્યુટી પાર્લર | સોશ્યલ ડીસ્ટન્સ જાળવીને ખોલી શકાશે. |
| ૧૭. | લાઈબ્રેરી | ૬૦% કેપેસીટી સાથે ચાલુ રાખી શકાશે. |



Scanned with CamScanner

| ક્રમ | પ્રવૃતિ | કન્ટેઈનમેન્ટ ઝોન / વિસ્તારોની બહાર નીચે મુજબની પ્રવૃતિઓ ચાલુ / બંધ રાખવા અંગેની વિગત |
|---|---|---|
| ૧૮. | GSRTC બસ સેવાઓ | હા |
| ૧૯. | સીટીબસ સેવાઓ | હા :– ૬૦% કેપેસીટી સાથે ફકત કન્ટેઈનમેન્ટ ઝોનની બહારના વિસ્તારોમાં ચાલુ રાખી શકાશે. |
| ૨૦. | ખાનગી બસો | હા:– કુલ કેપેસીટીના ૬૦% કેપેસીટી સાથે ચાલુ રાખી શકાશે.<br>(૧) GSRTC (એસ.ટી.બસો)ની સમાન ગાઈડલાઈન મુજબ<br>(૨) કોઈ વ્યકિતને બસની અંદર ઉભી રાખી શકાશે નહી. |
| ૨૧. | ઓટો રીક્ષા | હા:– ૧ ડ્રાયવર + ૨ પેસેન્જર |
| ૨૨. | કેબ , ટેક્ષી, કેબ એગ્રીગેટર્સ(એકત્રીકરણ), ખાનગી વાહનો | હા:– ૧ ડ્રાયવર + ૨ વ્યકિતઓ પરંતુ, જો સીટીગ કેપેસીટી ૬ અથવા વધુની હોય તો ૧ ડ્રાયવર + ૩ વ્યકિતઓ ને છુટ રહેશે. |
| ૨૩. | ટુ વ્હીલર્સ | હા :– ફકત ૨ વ્યકિતઓને છુટ રહેશે. |
| ૨૪. | સરકારી ઓફિસો, બેંકો | હા |
| ૨૫. | તમામ રીપેરીગની દુકાનો, ગેરેજ, વર્કશોપ અને સર્વિસ સ્ટેશનો | હા |
| ૨૬. | સ્વીમીગ પુલ, જાહેર બાગ–બગીચાઓ, પ્રાણી સંગ્રહાલયો, વોટરપાર્ક અને એમ્યુઝમેન્ટ પાર્ક | ના |
| ૨૭. | પુરાતત્વ ખાતાની સાઈટો, બીચ અને અન્ય પ્રવાસી સ્થળો | ના |

**–: વિસ્તાર :–**

**આ હુકમ નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.**

**–: અમલવારીનો સમયઃ–**

**આ જાહેરનામું તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધીનાં કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.**

**–: શિક્ષા :–**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ અથવા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂઘ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાનપત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલિવિઝન, કેબલ ટી.વી.નેટવર્ક તથા લોકો એકત્રીત થતાં હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજય સરકારના ગેઝેટમાં પ્રસિઘ્ધ કરીને કરવાની રહેશે.

આજરોજ તા.૩૧/૦૫/૨૦૨૦નાં રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

ADDITIONAL DISTRICT MAGISTRATE અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી NAVSARI

કે.જે.રાઠોડ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નવસારી

પ્રતિ,
મેનેજરશ્રી, સરકારી પ્રેસ વડોદરા.

૨/– ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે. જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિઘ્ધ કરી ૫ નકલો અત્રેની રેકર્ડ શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.



Scanned with CamScanner

**નકલ સવિનય રવાનાઃ—**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર.
(૪) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, નવસારી
(૫) ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી.

**નકલ જયભારત સહ રવાનાઃ—**

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.
(૨) જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી(ફ.ક.) નવસારી / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા
(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી.
આપની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂં.
(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,નવસારી.
(૫) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી/ચીખલી/વાંસદા.
(૬) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,નવસારી
(૭) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,નવસારી
(૮) મામલતદારશ્રી, નવસારી(શહેર/ગ્રામ્ય)/જલાલપોર/ગણદેવી/ચીખલી/વાંસદા/ખેરગામ.
(૯) તાલુકા વિકાસ અધિકારીશ્રી,નવસારી/જલાલપોર/ગણદેવી/ખેરગામ
(૧૦)આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચીખલી/વાંસદા
(૧૧) સહાયક માહિતી નિયામકશ્રી, નવસારી.
સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારૂં.
(૧૨) જિલ્લા સરકારી વકીલશ્રી,નવસારી
(૧૩) ચીફ ઓફિસરશ્રી,નવસારી/જલાલપોર/ગણદેવી/બીલીમોરા
(૧૪) નાયબ મામલતદારશ્રી, રેકર્ડ શાખા, નવસારી.
ઉકત જાહેરનામાની ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજીસ્ટ્રેટ દફતરે પહોંચતી કરવા સારૂં.



Scanned with CamScanner